# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

=====================================================================

**અખબારી યાદી** **૦૮-૦૧-૨૦૨૫**

**ખેતીની જણસના ટેકાના ભાવથી ખરીદીને ઐતિહાસિક નિર્ણય ગણાવનારી ભાજપા સરકારમાં દરેક ખરીદીમાં કૌભાંડોનો પણ ઐતિહાસિક.. - મનહર પટેલ**

**વિરમગામ કેન્દ્ર ખાતેથી ટેકાના ભાવે ડાંગર ખરીદી કૌભાંડનો રેલો ભાજપાની જનપ્રતિનિધિઓથી લઈને ગાંધીનગર સુધી...- મનહર પટેલ**

**ભાજપા સરકારમાં થયેલા અગણિત ભ્રષ્ટાચાર સિદ્ધ કરે છે કે ભાજપા અને ભ્રષ્ટાચાર બનેના DNA એક છે. - મનહર પટેલ**

**વિરમગામ-દેત્રોજ-માંડલ વિસ્તારના ખેડૂતોની ડાંગરના ટેકાના ભાવે ખરીદી અને કરોડોનો ભ્રષ્ટાચાર સામે આવ્યો, ૨૦ નવેમ્બર ૨૦૨૩ થી ૩૧ ડિસે ૨૦૨૩ દરમ્યાન સરકારે ખરીદેલી ડાંગરના ભ્રષ્ટાચારની ફરિયાદ એક વર્ષ પછી ૩૧ ડિસે ૨૦૨૪ માં નોંધી.**
**૬ જાન્યુ ૨૦૨૫ ના રોજ ડાંગરના જથ્થાનું વેરીફિકેશન કરતા ભાજપા સરકારનું આ ભોપાળું બહાર આવ્યું છે.**

**ભાજપા સરકાર ટેકાના ભાવે જ્યારે પણ જણસની ખરીદી કરી છે તે પૈકી તમામમાં ભ્રષ્ટાચાર બહાર આવ્યો છે, ગુના નોંધાયા છે, તપાસનું નાટક થયેલ છે અને નાના કર્મચારીને ૫-૧૫ પોલીસ કસ્ટડીમાં પણ રાખ્યા છે પરંતુ ગુનાનુ પુનરાવર્તન અટકે તેના કોઈ ઠોસ પગલાં સરકાર કેમ ભરાતી નથી..**

**મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ખરેખર ભ્રષ્ટાચાર વિરોધી વલણ ધરાવતા હોઈ તો વિરમગામથી લઈને ધારાસભા સુધી ચૂંટાયેલા ભાજપાના જનપ્રતિનિધિઓ છે, એ પૈકીના કોઈપણ જનપ્રતિનિધિ આરોપી સિદ્ધ થાય એવો ડર રાખ્યા વગર નિવૃત્ત જજની આગેવાનીમાં તટસ્થ તપાસ કરાવો...**

**ગુજરાત કોંગ્રેસના પ્રવક્તાશ્રી મનહર પટેલનો સીધો આક્ષેપ છે કે વિરમગામ કેન્દ્ર ઉપરથી ટેકાના ભાવે થયેલ ડાંગર ખરીદીમાં ભાજપાના મોટા માથાઓના હાથ છે અને એમના કારણે જે ગુનો ધ્યાને આવ્યા પછી એક વર્ષ પછી બાદ પોલીસ FIR બને છે.**

**અમારી માંગ છે .....**
**અમરેલીની નિર્દોષ દીકરીને FIR નોંધાય અને ૨૪!કલાકમાં ધરપકડ કરવામાં આવે અને શહેરમાં 3 km સરઘસ કાઢવામાં આવે છે, અહીંયા વિરમગામ કેન્દ્ર ઉપરથી ટેકાના ભાવે ડાંગર ખરીદી કૌભાંડમાં ગુનો બને છે ૨૦ નવે થી ૩૧ ડિસે ૨૦૨૩ દરમ્યાન - FIR થાય છે અને એક વર્ષ પછી છેક ૩૧ ડિસે ૨૦૨૪ સાંજે ૫ કલાકે FIR નોંધાઈ... અને ૭ પૈકી એક પણની ધરપકડ કરવામાં આવી નથી..આમ અમરેલી અને વિરમગામની પોલીસની સત્તાપક્ષના ભાજપાના નેતાઓને બચાવવા પોતાની નૈતિક જવાબદારીથી દૂર છે. શું આ બંને કિસ્સાથી ગૃહખાતાની જાણ બહાર છે ?**

**ગુજરાતમાં ટેકાના ભાવે જણસ ખરીદીના અનેક કૌભાંડો થયા છે જે પૈકી અનેક આજે વણઉકેલ્યા પડ્યા છે અને સરકારી તેજુરીને કરોડો રૂપિયાનો ફટકો પડ્યો છે આ તમામ કૌભાંડોમાં કરોડો રૂપિયાની ઉચાપત થયેલ છે, આ સમગ્ર કૌભાંડોની તપાસ હાઈકોર્ટના નિવૃત્ત જજ ની આગેવાનીમાં કરવામાં આવે..**

**વિરમગામ ડાંગર ખરીદી કૌભાંડમાં ફરિયાદી અધિકારીની કાનૂની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમની બદલી કરવામાં ન આવે...**

**જે ખેડૂતોની ડાંગર ટેકાના ભાવે સરકારે ખરીદી છે તે પૈકી જે ખેડૂતોના નાણા સરકારને ચૂકવવાના બાકી હોઈ તો તેનું વહેલીતકે ચૂકવણુ કરવામાં આવે.**

મનહર પટેલ

**મનહર પટેલ**
**પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ**